# ગાંધીનગર સમાચાર

**તાપમાન**
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૮ | ૮ સપ્ટેમ્બર, ૨૦૧૬, ગુરૂવાર ; ભાદરવા સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો



# ભારતીય હાઈકમિશનર સાથે અવિવેક

## પાકિસ્તાનમાં ગૌત્તમ બંબાવલે સાથે ખરાબ વર્તનને પગલે હોબાળો : બંબાવલે કરાંચીમાં એક કાર્યક્રમને સંબોધન કરનાર હતા પરંતુ અડધા કલાક પહેલા કાર્યક્રમ રદ થયો હોવાની માહિતી અપાઈ : પાક રાજદૂત સામે સમન્સ


અબ્દુલ બાસિત

નવીદિલ્હી-કરાંચી,તા. ૭

પાકિસ્તાનમાં ભારતના હાઈકમિશનર ગૌત્તમ બંબાવલે સાથે કરવામાં આવેલા ખરાબ વર્તનને લઈને ભારત લાલઘૂમ થઈ ગયું છે. આની સામે ભારતે જોરદાર નારાજગી નોંધાવી છે. નારાજગીના ભાગરુપે જ વિદેશ મંત્રાલયે આજે પાકિસ્તાનના રાજદૂત અબ્દુલ બાસિતને સમન્સ જારી કરીને આ મામલે વિરોધ નોંધાવવાની તૈયારી કરી હતી. બંબાવલે મામલામાં ભારતે જોરદાર નારાજગી બાસિત સમક્ષ રજૂ કરી દીધી છે. બંબાવલે મંગળવારના દિવસે કરાંચીના એક કાર્યક્રમને સંબોધન કરનાર હતા પરંતુ માત્ર અડધા કલાક પહેલા તેમના કાર્યક્રમને કોઈ કારણ દર્શાવ્યા વગર રદ કરી દેવામાં આવતા આને લઈને હોબાળો રહ્યો હતો. કાશ્મીર ઉપર તેમની તીવ્ર ટિકાટિપ્પણી બાદ પાકિસ્તાને આ પગલું લીધું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા વિકાસ સ્વરુપે કહ્યં હતું કે, અબ્દુલ બાસિત સામે સમન્સ મોકલીને ભારત સરકારની ચિંતાઓથી વાકેફ કરવામાં આવ્યા હતા. વિકાસ સ્વરુપે કહ્યું હતું કે, પાકિસ્તાનમાં અમારા જે રાજકીય અધિકારીઓ છે તેમને કોઈપણ અડચણ વગર કામની મુક્તિ આપવામાં આવે તે જરૂરી છે. સુત્રોએ કહ્યું છે કે, વિદેશ મંત્રાલયના સેક્રેટરી સુજાતા મહેતાએ સાબિત સામે સમન્સ જારી કર્યું હતું. હકીકતમાં કરાંચી ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ કાર્યક્રમના અડધા કલાક પહેલા તેમને માહિતી

● અનુસંધાન પાન-૭ પર


ગૌત્તમ બંબાવલે

## પાકિસ્તાન ત્રાસવાદની સામે કાર્યવાહી કરે : અમેરિકા

વોશિંગટન,તા. ૭

પાકિસ્તાનને તમામ ત્રાસવાદી સંગઠન સામે કાર્યવાહી કરવા માટે અમેરિકાએ સ્પષ્ટ સુચના આપી છે. જો કે અમેરિકાએ ત્રાસવાદ સામે કોઈ કાર્યવાહી ન કરવા બદલ પાકિસ્તાન પર પ્રતિબંધ મુકવાનો ઈન્કાર કર્યો છે. પડોશી દેશોમાં ભારે આતંક મચાવી રહેલા અને હુમલાઓને અંજામ આપી રહેલા ત્રાસવાદીઓ સામે પણ કાર્યવાહી કરવા માટે પાકિસ્તાનને કહેવામાં આવ્યુ છે.

# કુપવાડામાં સેનાના કાફલા પર હુમલો

## હુમલામાં સેનાના ત્રણ જવાનો ઘાયલ : કુપવાડા અને અન્ય વિસ્તારમાં ત્રાસવાદીઓ હજુ સક્રિય ટુંકા ગાળામાં જ ફરી હુમલો : સુરક્ષા વધારવામાં આવી

શ્રીનગર,તા. ૭

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લામાં આજે સવારે સેનાના કાફલા પર ફરી એકવાર ભીષણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ત્રણ જવાન ઘાયલ થઈ ગયા હતા. ઘાયલ થયેલા જવાનો પૈકી એકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ હુમલો એવા સમય પર કરવામાં આવ્યો છે જ્યારે કાશ્મીરમાં સ્થિતીને સામાન્ય બનાવવા માટેના તમામ પ્રયાસ કરાઈ રહ્યા છે. પોલીસના કહેવા મુજબ ત્રાસવાદીઓએ હેન્ડવારામાં કાલ ગુન્ડ ખાતે હુમલો કર્યો હતો. કાશ્મીરમાં હાલમાં જુદા જુદા વિસ્તારોમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ છુવાયેલા છે. જે તક મળતાની સાથે હુમલા કરે છે. શ્રીનગર અને કાશ્મીર ખીણના અન્ય

● અનુસંધાન પાન-૭ પર



# અરૂણાચલના રાજ્યપાલનો રાજીનામુ આપવા સ્પષ્ટ ઈન્કાર

## કેન્દ્રને જીએસટી બિલ પર મંજુરીનો ઈન્તજાર છે : અરૂણાચલ વિધાનસભાના બે દિનના સત્રમાં જીએસટીને મંજુરી મળી શકે : ભાજપ સરકાર હાલ હળવા વલણમાં

નવી દિલ્હી,તા. ૭

અરૂણાચલ પ્રદેશના રાજ્યપાલ જ્યોતિ પ્રસાદ રાજખોઓએ રાજીનામુ આપી દેવાનો ઈન્કાર કર્યો છે. જો કે કેન્દ્ર સરકારે તેમને હાલમાં હોદ્દા પરથી દુર કરવાની પ્રક્રિયાને રોકી દીધી છે. આનુ કારણ એ છેકે રાજ્ય વિધાનસભાના બે દિવસના સત્રમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સાથે જોડાયેલા બંધારણીય સુધારા બિલને મંજુરી મળી શકે છે. સરકાર સાથે જોડાયેલા સત્તાવાર સુત્રોએ કહ્યુ છે કે રાજખોઆને જીએસટી બિલ પર મંજુરીની મહોર લગાવવામા આવ્યા બાદ તેમની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. બિલને લઈને ભારે ઉત્સુકતા છે. હજુ સુધી ૨૯ રાજ્યો પૈકી ૧૬ રાજ્યો જીએસટીને મંજુરી આપી ચુક્યા છે. આવી રીતે ૫૦ ટકા રાજ્યોની શરત તો પહેલાથીજ પૂર્ણ કરી લેવામાં આવી છે. અરૂણાચલ ઉપરાંત જે રાજ્યોની મંજુરી

● અનુસંધાન પાન-૭ પર


સારસ બેલડીનો પ્રેમ અજોડ ગણાય છે. કહેવાય છે કે, જો એક ઘાયલ થાય તો તેની પીડા સાથી સારસ પણ ભોગવે છે. અને કુદરતે પણ સારસને સુંદર રંગોથી ભરી દીધું છે. હાલ સારસની બ્રિડીંગ સીઝન ચાલતી હોય છે. અમદાવાદ નજીક આવેલા બારેજા પાસેના એક ખેતરમાં સારસ બેલડી સજોડે દેખાય છે. તો અન્ય દૃશ્યમાં માદા સારસ તેણે મૂકેલા ઈંડાને સેવી રહી છે. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ અન્વયે અસ્તિત્વનું જોખમ ધરાવતા પશુ-પંખીઓની યાદીમાં મૂકાયેલા સારસનું સંવર્ધન પર્યાવરણની જાળવણી માટે અનિવાર્ય બન્યું છે.

# આજે દક્ષિણ ગુજરાતમાં ભાજપનું શક્તિ પ્રદર્શન

## રૂપાણી અને શાહ સહિતના આગેવાનોનું આજે સ્વાગત : પાટીદાર અભિવાદન સમિતિ દ્વારા દબદબાભેર સ્વાગત કરવાનો હાઈવોલ્ટેજ કાર્યક્રમ હશે : પાટીદારો ઉમટી પડશે

અમદાવાદ, તા.૭

વિધાનસભાની ચૂંટણી પહેલા દક્ષિણ ગુજરાતમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત કરવાના હેતુસર આવતીકાલે કેસરિયો માહોલ જોવા મળશે. ત્રણ જુદા જુદા કાર્યક્રમો યોજાનાર છે. જે પૈકી સુરત મહાનગર ભાજપ કાર્યાલયનું ઉદ્‌ઘાટન, કાર્યકર મહાસંમેલન અને પાટીદાર સમાજ દ્વારા સન્માન કાર્યક્રમનો સમાવેશ થાય છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, આવતીકાલે ૦૮ સપ્ટેમ્બર ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિશેષ ઉપસ્થિતિમાં વ્યારા ખાતે કાર્યકર્તા મહાસંમેલન, સુરત ભાજપા મહાનગરના કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને પાટીદાર સમાજ દ્વારા પ્રદેશ અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રીઓ સહિત ભાજપાના આગેવાનોના સન્માન સમારોહ યોજાશે. રાષ્ટ્રીય અધ્યક્ષની ઉપસ્થિતિમાં યોજાનાર ત્રણેય કાર્યક્રમોની વિગતો આપતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, નવસારી, સુરત મહાનગર, સુરત જીલ્લો, તાપી, ભરૂચ અને નર્મદા એમ કુલ આઠ જીલ્લાના બુથ સ્તરના કાર્યકર્તાઓનું કાર્યકર્તા મહાસંમેલન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની અધ્યક્ષતામાં અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુ વાઘાણી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રદેશ પ્રભારી ડૉ. દિનેશજી શર્મા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી. સતીષીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે. દક્ષિણ ગુજરાતના વ્યારા તાલુકા તાડકુવા ખાતે સવારે ૧૦ કલાકે યોજાનારા આ કાર્યકર્તા મહાસંમેલનમાં

● અનુસંધાન પાન-૭ પર

## બકરી ઈદની રજા બદલાઈ

ગાંધીનગર, તા.૭

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ બકરી ઈદની રજામાં ફેરફાર કરવાનું જાહેર કર્યુ છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ ૧૨મી સપ્ટેમ્બરે બકરી ઈદની રજા જાહેર કરાઈ હતી પરંતુ કેટલાક મુસ્લિમ સંગઠનો દ્વારા કરાયેલી રજૂઆતને પગલે હવે ૧૩મી સપ્ટેમ્બરે રાજ્યની જાહેર રજા રહેશે. આ રજા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ આવરી લેવાઈ છે અને કેન્દ્ર સરકારે પણ ૧૩મીએ બકરી ઈદની રજા જાહેર કરી છે.


ગાંધીનગર સમાચાર
'ગેરન્ટેડ ગિફ્ટ યોજના'
રૂપિયા ૧૬૦ના મૂલ્યની મીઠાઈની ગેરન્ટેડ ગિફ્ટ
Prem Ni Mithaas
એક તક...
ખાસ વાચકો માટે
શહેરના વાચકોની લાગણીને સ્વીકારી
ગેરેન્ટેડ ગીફ્ટ યોજનાનું ફોર્મ
૧૦મી સપ્ટેમ્બરના રોજ
નવ દિવસની ગીફ્ટ કુપનો સાથે છપાશે...
જેથી યોજનાના લાભથી વંચિત રહેલા અમારા
માનવંતા ગ્રાહકો માટે ખાસ એક તક...
સૌ વિતરકો અને વાંચકોને નોંધ લેવા વિનંતી....
ગેરેન્ટેડ ગીફ્ટ યોજનાને અપૂર્વ આવકાર બદલ સૌનો આભાર
ગાંધીનગર સમાચાર — વાંચતા રહો અને નિયમિત ગેરન્ટેડ ગિફ્ટ મેળવતા રહો...
ગાંધીનગર સમાચાર — પાટનગરનું પોતાનું અખબાર આપના અખબાર વિતરક પાસેથી ગાંધીનગર સમાચાર માંગો, આજથી જ....
વધુ વિગતો માટે સંપર્ક : ૦૭૯-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧




નવરાત્રિ નિમિત્તે
આકર્ષક ફેશન કલેક્શન
ડિઝાઈઝનર ચણિયાચોળી
દરેક સાઈઝના
। હેન્ડમેઈડ એરિંગ
। પર્સ
। ફેન્સી દુપટ્ટા
અહીં મળશે.
ફેશન ડિઝાઈનર
પ્રાચી હેમંતભાઈ મહેતા
પ્લોટ નં. ૧૭૩, શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૯, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૨૪૦૭૦



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225




**બેસણું**

**શ્રી ગુણવંતરાય ગોપાલજી થાનકી**
(નિવૃત્ત હિસાબી અધિકારી,અ.અને ના.પૂ. ખાતું)
તા.૦૨-૦૯-૨૦૧૬ના રોજ દેવલોક પામ્યાં છે.
સદ્‌ગતનું બેસણું તા.૦૮-૦૯-૨૦૧૬ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ :- ઉમિયા માતાજી મંદિરનો હોલ,સે.૧૨,ગાંધીનગર

ઈલાબેન ગુણવંતરાય થાનકી
કેદાર ગુણવંતરાય થાનકી — ચેતના કેદાર થાનકી
ડો.ગૌરાંગ ગુણવંતરાય થાનકી — રુચિ ગૌરાંગ થાનકી
નયનકુમાર રેવાશંકર જોષી — નીપા નયનકુમાર જોષી (પુત્રી)
હરીત, કાવ્યા, દિયા, અનેરી


VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful · DC TEX FURNISHINGS · HOMES · COPPER · Kurl-on PU FOAM · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651